ક્રમાંકઃરાચઆ-ચટણ-સ્થા.સ્વ.૨૫-૧૨૦૧૬-ક

રાજય ચૂંટણી આયોગ,
બ્લોક નંબર : ૯, ૬ ઠ્ઠો માળ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :૨૨-૧-૨૦૧૬

**વંચાણમાં લીધા :-**

(૧) રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃરાચપ-ચટણ-સ્થા.સ્વ.૨૫-૧૨૦૧૩-ક તા.૪-૧-૨૦૧૩

**<u>આ દે શ</u> :-**

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની મતદાર યાદીઓ વિધાનસભા મતદારયાદી પરથી તૈયાર કરવામાં આવતી હોઈ, આ જ નંબરો સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની મતદારયાદીમાં નોંધવામાં આવતા હોય છે. કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા રાજયમાં મતદારોને ફોટો ઓળખપત્ર (EPIC) પુરાં પાડવામાં આવે છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં મતદાર પોતાનો મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે મતદારને મળેલ ફોટો ઓળખપત્ર (EPIC) મતદાન મથકે રજૂ કરવાની બાબત રાજય ચૂંટણી આયોગની વિચારણામાં હતી. પુખ્ત વિચારણાના અંતે વંચાણ(૧) વાળો તા.૪-૧-૨૦૧૩ નો આદેશ રદ કરી, ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩(ડ) અને ૨૪૩(વ-ક) થી રાજય ચૂંટણી આયોગને મળેલ સત્તાની રૂઈએ, હવે પછીની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની યોજાનાર ચૂંટણીઓ માટે મતદાન ઓળખપત્ર માટે નીચેની સૂચનાઓનો અમલ કરવા આદેશ કરવામાં આવે છે.

<u>રાજયની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી માટે યોજાનાર મતદાન માટે મતદાન મથકે આવનાર મતદારે ભારતના ચૂંટણી પંચે મતદારને આપેલ મતદાર ફોટો ઓળખપત્ર (EPIC) રજૂ કરવાનું રહેશે.</u>

રાજયની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી માટે યોજાનાર મતદાન માટે મતદાન મથકે આવનાર મતદારે ભારતના ચૂંટણી પંચે મતદારને આપેલ મતદાર ફોટો ઓળખપત્ર (EPIC) માં કેલીરીકલ ભુલ અથવા જોડણીની ભુલ હોય તો મતદારને મત આપવા માટે તે ભુલ ધ્યાને લેવાની રહેશે નહી.મતદાર ફોટો ઓળખપત્ર અન્ય વિધાનસભા મત વિસ્તારનું હોય તો પણ મતદારની ઓળખ પ્રસ્થાપિત કરવાના હેતુસર માન્ય રાખવાનું રહેશે.

પરંતુ જો કોઈ મતદાર આવુ ફોટો ઓળખપત્ર (EPIC) રજૂ ન કરી શકે તો સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓમાં સંબંધિત મતદારની ઓળખ પ્રસ્થાપિત થાય તે માટે, રાજય ચૂંટણી આયોગે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ માન્ય કરેલ છે.

૧. <u>ફોટા સાથેનો</u> પાસપોર્ટ
૨. <u>ફોટા સાથેનું</u> ડ્રાઈવીંગ લાયસન્સ (ચૂંટણીની તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ)
૩. <u>ફોટા સાથેનું</u> ઈન્કમટેક્ષ (PAN) ઓળખકાર્ડ
૪. રાજય સરકાર, કેન્દ્ર સરકાર, જાહેર સાહસો અથવા પબ્લીક લીમીટેડ કંપનીઓ તરફથી તેઓના કર્મચારીઓને આપવામાં આવેલ <u>ફોટા સાથેનાં</u> ઓળખકાર્ડ.
૫. પબ્લીક સેક્ટર બેન્કો અને પોસ્ટ ઓફિસો તરફથી આપવામાં આવતી <u>ફોટા સાથેની</u> પાસબુક (ચૂંટણીની તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ)
૬. અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ / અન્ય પછાતવર્ગ (OBC) નું સક્ષમ અધિકારીનું <u>ફોટા સાથેનું</u> પ્રમાણપત્ર (ચૂંટણીની તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ)
૭. <u>ફોટા સાથેના</u> પેન્શન પ્રમાણપત્રો જેવા કે, માજી સૈનિકોની પેન્શન બુક / પેન્શન પેમેન્ટ ઓર્ડર/માજી સૈનિકની વિધવા/ આશ્રિતોના પ્રમાણપત્રો / મોટી ઉંમરની વ્યકિતના પેન્શન ઓર્ડર, વિધવા પેન્શન ઓર્ડર (ચૂંટણી તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ.)
૮. કેન્દ્ર સરકાર/ ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવેલ સ્વતંત્રતા સૈનિકનાં ફોટા સાથેના ઓળખ કાર્ડ.
૯. <u>ફોટો સાથેના</u> હથિયારોના લાયસન્સ (ચૂંટણીની તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ)
૧૦. સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ વિકલાંગનું <u>ફોટા સાથેનું</u> પ્રમાણપત્ર (ચૂંટણીની તારીખથી એક માસ પહેલા ઈસ્યુ થયેલ)
૧૧. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાહેંધરી યોજના ( MNREGS) હેઠળ આપવામાં આવેલ <u>ફોટા સાથેના</u> જોબ કાર્ડ (ચૂંટણીની તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ)



P.T.O

૧૨. કર્મચારી રાજય વીમા યોજના (ESI) હેઠળ આપવામાં આવેલ ફોટા સાથેનું ઓળખકાર્ડ. (ચૂંટણીની તારીખથી એક માસ પહેલા ઈસ્યુ થયેલ)

૧૩. નેશનલ પોપ્યુલેશન રજીસ્ટર (NPR) સ્કીમ હેઠળ RGI દ્વારા આપવામાં આવેલ સ્માર્ટ કાર્ડ

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓમાં મતદાન સમયે મતદારોએ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાઓ અંગેની વિગત નિયત મતદાર રજીસ્ટરના સંબંધિત કોલમોમાં જરૂરી વિગતો ભરવાની રહેશે મતદાર ધ્વારા મતદાર ફોટો ઓળખપત્ર (EPIC) રજુ કરવામાં આવેલ હોય ત્યારે આ માટે (EP) લખવાનું રહેશે જયારે મતદાર ધ્વારા ઉપર પૈકીના કોઈ અન્ય ડોકયૂમેન્ટના (મતદારની ઓળખના પૂરાવા તરીકે વપરાતા માન્ય ડોકયૂમેન્ટ) રજૂ કરેલ હોય તેવા કિસ્સામાં તે ડોકયૂમેન્ટનો પ્રકાર લખીને તે ડોકયૂમેન્ટના નંબરના છેલ્લા ચાર આંકડા લખવાના રહેશે.

રાજય ચૂંટણી આયોગના આદેશથી,

**( મહેશ જોશી )**
**સચિવ**
**રાજય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

**નકલ સવિનય રવાના :–**

- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

**નકલ જયભારત સહ રવાના :–**

- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સર્વે.
- શહેર ચૂંટણી અધિકારી / જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી/જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, સર્વે આ આદેશની જાણ ચૂંટણી અધિકારીઓ / મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓને કરવા સારૂ
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સર્વે
- નાયબ કલેકટરશ્રી / નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ } મારફતે સબંધિત જિલ્લા કલેકટરશ્રી/
- મામલતદારશ્રી / તાલુકા વિકાસ અધિકારીશ્રી તમામ } જિ.વિ.અધિ.શ્રી

આ આદેશની જાણ સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણીના મતદાન મથકના પ્રમુખ અધિકારી / પ્રથમ મતદાન અધિકારીશ્રીઓને કરવા સારૂ

**નકલ રવાના :–**

- વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.
  આ આદેશ અસાધારણ સરકારી રાજયપત્ર ભાગ–૪ (સી) માં તાત્કાલીક પ્રસિદ્ધ કરવા તથા તેની ૨૫ નકલો રાજય ચૂંટણી આયોગ તથા નીચેના અધિકારીઓને તેની સામે જણાવેલ નકલો મોકલી આપવા સારૂ.
  ૧. કલેકટરશ્રી તમામ ૫ નકલ
- રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલ તમામ રાજકીય પક્ષો
- સંયુકત સચિવશ્રી / નાયબ ચૂંટણી કમિશ્નરશ્રી / મદદનીશ ચૂંટણી કમિશ્નરશ્રી રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- નાયબ મામલતદારશ્રી (તમામ) રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
  સીલેકટ ફાઈલે.